1-6

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૫૩૭૭ ફેકસ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ 420 તારીખ: 9/10/17

રજી. એ. ડી દ્વારા

પ્રતિ શ્રી,
ડુડીયા દીનેશ ભવાનભાઇ,
C/O, ડુડીયા મનુભાઇ ભવાનભાઇ,
સવાયા ફલીયા,
રાજપૂત સમાજવાડી પાસે,
ભુજ - કચ્છ

Mobile Number : 8866583484

વિષયઃ- વધુ વસુલેલ ચાર્જ રીફંડ આપવા બાબત અંગે.

સદર્ભઃ- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૯/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ :- ૨૨/૦૯/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

O/c

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાનાઃ-
૧. શ્રી એ. એમ. ઢેબર
ચેરમેનશ્રી સી. જી. આર. એફ, ભુજ.
બ્લોક નં. એ. એ. - ૧૦ ઓસ્કાર સોસાયટી, નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૭ /૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પુજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી. આર. વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

૪. કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - ભુજ

૫. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી - ભુજ શહેર ૧



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮


* કેસ નં - પીજી ૦૨-૦૦૬-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખઃ- ૦૭-૦૯-૨૦૧૭
* નિર્ણયની તારીખઃ- ૨૨-૦૯-૨૦૧૭

અરજદાર :- ડુડિયા દિનેશ ભવાનભાઈ

અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર વતી તેમના પ્રતિનિધિ હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભુજ.

સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રીમતી એ.આર.અંતાણી, નાયબ હિસાબી અધિક્ષક, ભુજ વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૨૨/૦૯/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા.૨૨/૦૯/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠક યોજવામાં આવેલ છે. જેમાં ફરિયાદી શ્રી દિનેશભાઈ ભવાનભાઈ ડુડિયા વતી તેમના અધિકૃત પ્રતિનિધિ ડુડિયા મનુભાઈ ભવાનભાઈ પોતે હાજર છે. તેમની રજૂઆત મુજબ તેઓએ તા.૨૦-૩-૨૦૦૬ના રોજ ચક્કી(લોટ દળવાની ઘંટી)ના વીજકનેક્શનની અરજી તા.૦૫-૦૫-૨૦૦૬ના કરેલ અમારી અરજી સામે જે-તે સમયે પીજીવીસીએલ કંપનીએ બે અંદાજપત્રો અનુક્રમે ૬૦૨ નંબર ઘંટી માટેનું અંકે રૂ. ૨૧,૫૩૪/-નું અને ઘંટીમાં લાઈટના હેતુ માટેનું વીજકનેક્શનનું અંદાજપત્ર અંકે રૂ.૧,૩૬૦/-(અંકે રૂપિયા એક હજાર ત્રણસો સાઈઠ પૂરા)નું તા.૧૦-૦૫-૨૦૧૬ના રોજ આપવામાં આવેલ. લોટ દળવાની ઘંટીના અંદાજપત્ર નં. ૬૦૨માં ટ્રાન્સફોર્મર ચાર્જ અંકે રૂપિયા ૧૨,૨૧૪/-(અંકે રૂપિયા બાર હજાર બસ્સો ચૌદ પૂરા) લગાડેલ છે. એટલે કે વસૂલવામાં આવેલ છે. જે અમોએ જે-તે સમયે ઘંટીનું વીજજોડાણ જોઈતું હતું તેમજ આ નિયમાનુસાર

Scanned by CamScanner

હશે એમ વિચારીને અમોએ અંદાજપત્રની રકમ ભરી દીધેલ. પાછળથી અમોને આ અંગે જાણ થઈ તેથી અમે આ અંગે અરજી કરેલ. આ અંગે અમોને યોગ્ય ન્યાય આપવા વિનંતી.

## પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા.૨૨/૦૯/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠકમાં કાર્યપાલક ઈજનેર ભુજ વતી શ્રીમતી એ.આર.અંતાણી, નાયબ હિસાબી અધિક્ષક(આવક), ભુજ વિભાગીય કચેરી પોતે હાજર છે અને એમની એવી રજૂઆત છે કે; ફરિયાદીશ્રી ડુડિયા દિનેશ ભવાનભાઈ "લોટ દળવાની ઘંટી" હેતુનું વીજકનેક્શન જેના ગ્રાહક નં. ૩૮૯૦૯/૧૨૬૨૦/૫, ગામ-ભુજ, રાવલવાડી રીલોકેશન સાઈટ ખાતે ધરાવે છે. આ વીજકનેક્શનની માંગણી સમયે વર્ષ મે-૨૦૦૬ના રોજ કંપનીના નિયમ મુજબ નવા વીજકનેક્શનની માંગણી સામે અંદાજપત્ર અંકે રૂ.૨૧,૫૩૪/-(અંકે રૂપિયા એકવીસ હજાર પાંચસો ચોત્રીસ પૂરા)નું આપવામાં આવેલ અને સાથોસાથ લાઈટીંગ વપરાશ માટેનું પણ એ જ જગ્યા ઉપર અરજદારની માંગણી મુજબનું અંદાજપત્ર આપવામાં આવેલ. બન્ને અંદાજપત્ર એક જ દિવસે આપવામાં આવેલ. ફરિયાદ મુજબ ઔદ્યોગિક અંદાજપત્રમાં જે રૂ.૧૨,૨૧૪/-(અંકે રૂપિયા બાર હજાર બસ્સો ચૌદ પૂરા)ની રકમ ટી.સી. પ્રપોસનેટ ચાર્જ દર્શાવવામાં આવેલ છે. તે કંપનીના નિયમો અનુસાર જ છે જે અંગેના દસ્તાવેજી પુરાવા હું આ સાથે રજૂ કરું છું. અરજદારે સદર રકમનું અંદાજપત્ર જે-તે સમયે તા.૨૩-૦૫-૨૦૦૬ના રોજ ભરપાઈ કરી આપેલ અને ત્યારબાદ કંપનીના નિયમ મુજબ વીજ કનેક્શન ચાલુ કરી આપવામાં આવેલ. ૨૦૦૬ થી આજની તારીખ સુધી ફરિયાદીએ સદર પ્રપોસનેટ કોર્સની રકમ ખોટી રીતે વસૂલ કરેલ છે તે અંગેની કોઈ રજૂઆત પી.જી.વી.સી.એલ.માં કરેલ નથી. ફોરમ સમક્ષ તા.૦૭-૦૯-૨૦૧૭ના રોજ એટલે કે આશરે ૧૧ વર્ષ બાદ કરેલ છે. આમ, સદર ફરિયાદ માન્ય જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન નં.૨/૨૦૧૧ની કલમ ૨.30(iii) મુજબ ચલાવી શકાય નહીં. આ કેસ સમય મર્યાદાની બહારનો છે.

## નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજૂઆતોને ફાઈલમાં પડેલ પુરાવાઓ સાથે મૂલવતાં ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ તેઓએ વર્ષ ૨૦૦૬માં ફ્લોરમીલ(ઘંટી)નું વીજ કનેક્શનની માંગણી કરતાં અંદાજપત્રમાં ટી.સી. ચાર્જ અંકે રૂપિયા ૧૨,૨૧૪/-(અંકે રૂપિયા બાર હજાર બસ્સો ચૌદ પૂરા) વસૂલવામાં આવેલ છે તે અન્યાયકર્તા જણાય છે. આ અન્યાયકર્તા ચાર્જ બાબતે તેમને છેલ્લા થોડા સમયથી જ આ બાબતની જાણ થતાં ફોરમ સમક્ષ અરજી આટલા લાંબા સમયગાળા બાદ કરેલ છે. સદર અન્યાયી વસૂલવામાં આવેલ ટી.સી. ચાર્જની રકમ પરત મળે તેવી માંગણી છે. સામા પક્ષે પીજીવીસીએલની રજૂઆત છે કે; અરજદારને નવા વીજ કનેક્શનની માંગણીના અનુસંધાને જે-તે સમયે વર્ષ મે-૨૦૦૬ના સમયે કંપનીના જે-તે સમયના પ્રવર્તમાન નિયમોના આધારે(condition & miscellaneous charges for supply of Electrical Energy amended up to 1-1-2001ની કલમ નં. 6 c(i) અને (ii)) ની જોગવાઈ મુજબ વસૂલવામાં આવેલ છે. આમ સદર ટી.સી. ચાર્જની રકમ કાયદેસર રીતે અને કંપનીના નિયમ અનુસાર વસૂલવામાં આવેલ છે. ઉપરોક્ત રજૂઆતો તેમજ પુરાવાઓને મૂલવતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે; ફરિયાદી પાસે તેમના નવા ઔદ્યોગિક વીજ જોડાણ લોટ દળવાની ઘંટી હેતુ માટેના અંદાજપત્રમાં વસૂલાયેલ ટ્રાન્સફોર્મર ચાર્જ જે-તે સમયના

Scanned by CamScanner

, કંપનીના નિયમોને આધિન હોઈ વસૂલવામાં આવેલ છે. ફરિયાદીની સદર ફરિયાદ માન્ય જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન નં.૨/૨૦૧૧ની કલમ ૨.૩૦(iii) મુજબ સમયમર્યાદાની બહાર ગણી શકાય પરંતુ ફરિયાદીની ફરિયાદ મુજબ આ ખોટા વસૂલાયેલ ટી.સી. ચાર્જની જાણ હાલ થોડા સમય અગાઉ ફરિયાદીને થયેલ હોઈ હાલ ન્યાય મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. ફરિયાદીની સમયમર્યાદા બહારની અરજીની નોંધ ફોરમે લીધેલ છે પરંતુ ફરિયાદીની ફરિયાદ વસૂલાયેલ ટી.સી. ચાર્જ કંપનીના નિયમાનુસાર તેમજ વસૂલવા યોગ્ય હોઈ વસૂલવામાં આવેલ છે. તે તમામ સંજોગોને ધ્યાને લઈ ફરિયાદીની ફરિયાદ રદ કરવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીની ફરિયાદ આથી રદ કરવામાં આવે છે.

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૨૨-૦૯-૨૦૧૭

| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
|---|---|---|
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

નોંધ:- ફરિયાદીને જો આ હુકમ સામે અસંતોષ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ ૩૦(ત્રીસ)માં વીજ લોકપાલ(એમ્બુસમેન્ટ) ગુજરાત વીજ નિયંત્રકની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૦ સમક્ષ અપીલ કરી શકશે.

Scanned by CamScanner